ગાંધીનગર સમાચાર

આજે દેવદિવાળી પર્વે નગરોના મંદિરોને દિવડાઓથી સુશોભિત કરાશે

# ગાંધીનગર તાલુકામાં પાંચ બેઠકો પર કશ્મેકશ જંગ

**કાર્યકર્તાની મહેનત પરિણામની પાટી પર હસ્તાક્ષર કરશે તેવો અનોખો જંગ તાલુકાની પાંચ બેઠક પર : ગાંધીનગર તાલુકાના બે ધારાસભ્યોના વતન ધરાવતા વિસ્તારો છે : ચાર મહિલા ઉમેદવારો મેદાનમાં છે**

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત વિધાનસભાના ગાંધીનગર(ઉ) અને (દ) વિધાનસભા મતવિસ્તારમાં આવતી જિલ્લા પંચાયતની ૬ બેઠકો પૈકી ૧ બેઠક પર ભાજપનો બિન હરિફ વિજય થયો છે જ્યારે બાકી રહેતી પાંચ બેઠકો પર કાર્યકર્તાઓની કૌશલ્યતાનો જંગ બરાબરીનો જામ્યો છે. આ પાંચ બેઠક પૈકી બે બેઠકો પર ત્રિપાંખિયો જંગ છે. એટલે જ અહિ કાર્યકર્તા કહે છે વિજય સહિ વિશ્રામ નહિ...!

**જિલ્લા પંચાયતનો ચૂંટણી સંગ્રામ**
**- પ્રકાશ જહા**

૧,૧૨,૭૨૩ મતદારો ધરાવતા આ પાંચ વિસ્તારમાં બન્ને મુખ્ય રાજકીય પક્ષોના સંગઠ્ઠનની મોટી તાકાત છે એટલુ જ નહિ અહિ કાર્યકર્તાઓ કસાયેલા અને તેમના કૌશલ્ય તરકીબો માટે આગવી ઓળખ ધરાવે છે.

આ પાંચેય બેઠકો પર મિત્રમંડળનું રાજકારણ અને કાર્યકર્તાનું કૌશલ્ય એ પરિણામનું મુખ્ય કારણ હશે. અહિ જાહેર પ્રચાર કરતાં બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષોના આગેવાનો આ વિકાસને નજરમાં રાખી તેમની વ્યુહરચનાઓના પાસાઓ એક પછી એક ફેંકી રહ્યા છે. કુડાસણ અને ઝુંડાલ બેઠક પર ત્રિપાંખિયો જંગ જામ્યો છે.

આ ચૂંટણીના વ્યૂહકારો પણ મતદારોની અકળતાને માપી ચુક્યા છે અને એટલે જ જાહેર પ્રચાર અભિયાન નહિ પણ ડોર ટુ ડોર, ક્યાંક જ્ઞાતિની વાત, ક્યાંક વિકાસની વાત તો ક્યાંક કરેલી કામગીરીની વાતો સાથે પ્રચાર અભિયાનમાં આગળ ધપી રહ્યા છે.

આ પાંચેય બેઠક પર બેઠકોના સીમાંકનને લઈ બન્ને પક્ષોમાં કચવાટની લાગણી જોવા મળી રહી છે. જો કે બન્ને પક્ષોના આગેવાનો હ...હ... કરી આખી વાતને દબાવી દઈ અમારી બેઠક પર અમે આગળ છીએ તેવો દાવો કરી રહ્યા છે. જો કે કાર્યકર્તાની મહેનત પણ એટલી જ મહત્વની છે. અહિ ભાજપ અને કોંગ્રેસની નેતાગીરી પણ કાર્યકર્તાઓના વિશ્વાસ પર જ આગળ વધી રહી છે એ નગ્ન સત્ય છે.

**બે બેઠક પર ત્રિપાંખિયો જંગ : કુડાસણ બેઠક પર મહિલા મતદારોની સંખ્યા સમગ્ર તાલુકામાં નોંધાયેલા મતદારોમાં બીજા ક્રમે : રાંધેજા બેઠક ભાજપે બિનહરિફ મેળવી વિજયનું ખાતુ ખોલાવ્યુ છે : કાર્યકર્તા કહે છે વિજય સહિ વિશ્રામ નહિ..!!!**

પક્ષોએ ડોર ટુ ડોર અભિયાન અને વિકાસને લક્ષ્ય બનાવી તેમની આ ઝુંબેશને એટલી સઘન બનાવી છે કે કોનુ પલ્લુ ભારે અને મતદાર કોને મત આપશે તે એક મુંઝવણ જરૂર છે. મતદાર આ વિસ્તારમાં શિક્ષિત અને મધ્યમવર્ગીય છે પણ અકળ છે જો કે કાર્યકર્તાઓની મહેનતનો રંગ જ પરિણામની પાટી પર લખાશે એ વાત નિશ્ચિત છે.

કોલવડા, ઝુંડાલ, વાવોલ, કુડાસણ કે ઉવારસદ આ વિસ્તારમાં વિકાસ થયો છે અને તેને લઈ બન્ને

૫૪,૭૧૬ મહિલા મતદારોની સંખ્યાને ધ્યાને રાખી અહિ પાંચ બેઠક પર ચાર મહિલા ઉમેદવારો મેદાનમાં છે. જેમાં કોલવડાની બેઠક મહિલા માટે અનામત છે એટલે બન્ને મહિલા ઉમેદવારો વચ્ચે અહિ જંગ ખેલાઈ રહ્યો છે.

૨૧,૧૩૬ મતદારો ધરાવતી આ કોલવડા બેઠક એ ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રી અશોક પટેલના વતનની બેઠક છે. આ બેઠક પર ભાજપના પૂર્વ

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૧ના પાર્કીંગ પ્લેસ પર દબાણોનો અડ્ડો

ગાંધીનગર તા ૨૪

શહેરના મુખ્ય શોપિંગ સેન્ટરમાં પાર્કીંગની સમસ્યાએ



ભરડો લીધો છે. સેક્ટર-૨૧ના મુખ્ય શોપિંગ સેન્ટરમાં પાર્કીંગ પ્લેસ પર દબાણોએ અડ્ડો જમાવી દેતા મુલાકાતીઓને પોતાના વાહનો પાર્ક કરવાની જગ્યા મળતી નથી. એકબાજુ સ્માર્ટ સિટી બનાવવાની વાતો થાય છે. ત્યારે શહેરમાં પાર્કીંગ તેમજ દબાણનો પેચીદો પ્રશ્ન પણ તંત્ર માટે શિરદર્દ સમાન બન્યો છે. શહેરને સ્માર્ટ સિટી બનાવવા માટે પ્રથમ નાના મોટા દબાણો કાયમી દુર કરવા માટે અસરકારક પગલા લેવાય તે અત્યંત જરૂરી હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

શહેરમાં લાખોના ખર્ચે નિર્માણ કરાયેલા પાર્કીંગ પ્લેસ દબાણોનો અડ્ડો બની ગયા છે. સરકારી કચેરી તેમજ શહેરના કોમર્શિયલ કોમ્પ્લેક્ષો આસપાસ પણ પાર્કીંગની સમસ્યા જટીલ બની છે.

આમછતા તંત્ર દ્વારા યોગ્ય પાર્કીંગ વ્યવસ્થા માટે કોઈ પગલા લેવાતા નથી. શહેરમાં દિનપ્રતિદિન દબાણોની સંખ્યા વધતી ગઈ છે. ત્યારે દબાણોના લીધે ગંદકી તેમજ પાર્કીંગનો પ્રશ્ન પણ પેચીદો બન્યો છે. શહેરના મુખ્ય શોપિંગ સેન્ટરમાં લારી ગલ્લાના દબાણોએ ભરડો લેતા આમ મુલાકાતીઓએ પોતાનુ વાહન ક્યાં પાર્ક કરવુ તે મોટી સમસ્યા સમાન હોવોનુ ચિત્ર ઉપસી આવ્યુ છે. સેક્ટરમાં વાહનોની યોગ્ય પાર્કીંગ વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તંત્ર દ્વારા લાખોના ખર્ચે પાર્કીંગનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. પરંતુ આ ઠેકાણે લારી ગલ્લાના દબાણો અસ્તિત્વમાં આવતા આ યોજનાનો કોઈ હેતુ સરતો નથી. જયારે પાર્કીંગ પ્લેસ પર દબાણો ગોઠવાઈ જતા ટ્રાફિકને લગતી પણ અનેક

**રોજબરોજ ટ્રાફિક જામથી મુલાકાતીઓ પરેશાન : સ્માર્ટ સિટી બનાવાનુ સ્વપ્ન સાકાર કરવા દબાણો અને પાર્કીંગની સમસ્યા દુર કરવામાં તંત્ર નિરસ**

સમસ્યા પણ ઉદભવી છે. શહેરના મુખ્ય શોપિંગ સેન્ટરમાં રોજબરોજ હજારો મુલાકાતીઓ અવર જવર કરે છે. જયારે પાર્કીંગ માટે પર્યાપ્ત જગ્યા પણ ઉપલબ્ધ ન હોવાથી સાંકડા રસ્તાઓ પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે.આવા સંજોગોમાં મુલાકાતીઓ પણ અટવાઈ પડે છે.

● અનુસંધાન પાન-૭ પર

# સરકાર; ગરીબ-મધ્યમ વર્ગ અને ખેડૂત વિરોધી છે : ભરતસિંહ

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાતમાં વિકાસ કેન્દ્રએ



આપેલા નાણાંને કારણે થયો છે તેમ જણાવતા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખશ્રી ભરત સોલંકીએ ભાજપે માત્રને માત્ર ભયને પ્રસારવાનું જ કાર્ય કર્યુ હોવાનો આક્ષેપ કર્યો હતો.

આજે જિલ્લાના ચિલોડા ચાર રસ્તા ખાતે સભા સંબોધતાં તેમણે જણાવ્યું હતું. પરાજયને ભાળી ગયેલા ભાજપવાળાઓએ માત્ર નાણાં વેડફવા સિવાય કશુ કર્યુ નથી તેમજ મતદારોના નામ કમી કરી અને લોકશાહીને ગળે ટૂંપો દેવાનો પ્રયાસ કર્યો છે. પરંતુ ગુજરાતની પ્રજા શાણી અને સમજુ છે તમને હટાવીને જ હવે ઝંપશે.

તેમણે જણાવ્યું હતું કે ઉમેદવારોને અપાયેલી યાદીમાં જવાનો પ્રયાસ સફળ થયો નહિ અને તેથી બે પ્રકારની મતદારયાદી બનાવી પણ પ્રજાએ જાકારો આપવાનો નિર્ણય કરી લીધો જ છે.

**ચિલોડા ચારરસ્તા પર કોંગ્રેસની ચૂંટણી પ્રચાર સભાને સંબોધતા પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી : મતદારોએ ચૂંટણીમાં ભાજપને જાકારો આપવાનું મન બનાવી લીધુ છે**

બદલાવ કેવી રીતે થયો ? હવે પ્રજા ભાજપના બધા જુઠાણા પારખી ચુકી છે અને નવસર્જનના કોંગ્રેસના અભિયાનમાં જોડાવાનું મન બનાવી લીધુ છે.

વર્ગવિગ્રહ તરફ રાજ્યને લઈ

શ્રી સોલંકીએ કહ્યુ કે રાજ્ય સરકારોને કેન્દ્ર સરકાર સહાય આપે છે તેના નાણાં અન્ય વાપરવાનું પાપ ભાજપ સરકારે કર્યુ છે. ગરીબ વિરોધી સરકાર હવે મધ્યમવર્ગની

● અનુસંધાન પાન-૭ પર

# આજે દેવદિવાળી પર્વે નગરોના મંદિરોને દિવડાઓથી સુશોભિત કરાશે

ગાંધીનગર તા ૨૪

આજે દેવ દિવાળી .. દિવાળીના મહાપર્વમાં દેવ દિવાળીના દિવસનુ પણ વિશેષ મહત્વ હોય છે. દેવ દિવાળીના રોજ શહેરના દેવ મંદીરોમાં દર્શન માટે ભાવિકોની ભીડ જામશે. ભાવિકોની આસ્થાના કેન્દ્ર સમા પંચદેવ મંદિરને દિવડાઓની જ્યોતથી સુશોભિત કરવામાં આવશે. જયારે નગરજનો પણ દેવ દિવાળી નિમિત્તે એકમેકને શુભેચ્છા પાઠવી દિવાળી પર્વની ઉજવણી કરશે.

દિવાળીના પ્રકાશમય પર્વમાં દેવ દિવાળીની પણ વિશેષ ઉજવણી કરવામાં આવે છે. દેવ દિવાળીનુ વધુ મહત્વ સૌરાષ્ટ્રના વિસ્તારોમાં જોવા મળે છે. શહેરમાં દેવ દિવાળીના પર્વે તેજોમય બનાવવા વિશેષ રીતે મંદિરોને સજાવવામાં આવે છે. સેકટરોમાં ઘરે ઘરે થતી દિવડાઓની હારમાળા ઉપરાંત નગરના મંદિરોમાં હજારો દિવડાઓનો પ્રકાશ રેલાશે.

**પંચદેવ મંદિરમાં દિવડાઓની દિવ્ય જ્યોતની જળહળા જોવા મળશે**

શહેરના પંચદેવ મંદિરમાં દિવડાઓની દિવ્ય જયોત નિહાળવા ભાવિકોની ભીડ જામશે. પંચદેવ મંદિરના યુવાનો દ્વારા દરવર્ષે દેવ દિવાળીના પર્વ નિમિત્તે મંદિરમાં દિવડાઓની દિવ્ય જયોત પ્રગટાવી મંદિર સંકુલને વધુ તેજોમય બનાવી દેવામાં આવે છે. દેવ દિવાળી નિમિત્તે શહેરના મંદિરોમાં પણ દર્શનાર્થીઓની ભીડ જોવા મળશે.સૌરાષ્ટ્ર વિસ્તારમાં ઘણાં ઠેકાણે મેળાનુ આયોજન કરવામાં આવે છે. જયારે ધીમે ધીમે ગાંધીનગર અને અમદાવાદ સહીતના શહેરોમાં પણ દેવ દિવાળીની ઉજવણી વિશેષ રીતે થાય છે. સેકટરોમાં પણ દેવ દિવાળીની ઉજવણી અન્વયે રોશની તેમજ આંતશબાજી કરીને નગરજનો પર્વની મજા માંણે છે.

# વલાદ પંથકના ભાજપના ૧૦૦ કાર્યકર્તાઓ કોંગ્રેસમાં જોડાયા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં વલાદના અગ્રણીઓ શ્રી મિતેષકુમાર વી. પટેલ અને રણજીતભાઈ રમણજી જાદવ ૧૦૦ જેટલા તેમના સમર્થકો સાથે ભાજપ છોડી કોંગ્રેસમાં જોડાયા છે.

આજે ચિલોડા ખાતે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખની હાજરીમાં તેમને કોંગ્રેસનો ખેસ પહેરાવી આવકાર આપવામાં આવ્યો હતો.

આ સભામાં પ્રદેશ મહામંત્રી શ્રી નિતીશ વ્યાસે પક્ષ છોડી જનારાઓની તુલના પડિયા કાણાવાળાં નીકળ્યા હોવાનું કહી તેમને તેમનું સ્થાન બતાવી દેવા મતદારોને અપીલ કરી હતી.

તો પ્રદેશ પ્રવક્તા હિમાંશુ પટેલે આ પક્ષપલ્ટો કરનારાને દગાબાજ ગણાવી કહ્યુ કે ચિલોડા પંથકની ચારેય બેઠક પર કોંગ્રેસ સામે કોંગ્રેસ લડી રહી છે. ભાજપનું અહિ કોઈ જ છે નહિ કોંગ્રેસ છોડી જનારાઓની ઉમેદવાર તરીકે પસંદગી કરવામાં આવી છે.

ગાંધીનગર તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળ, ગાંધીનગર
ગાંધીનગર તાલુકાના પેન્શનર ભાઈ-બહેનો
સૌને નવા વર્ષના
નૂતન વર્ષાભિનંદન પાઠવીએ છીએ...
વિક્રમ સંવત ૨૦૭૨નું નવું વર્ષ આપ સૌના પરિવારજનોને સુખ, શાંતિ, સમૃદ્ધિ, તંદુરસ્તી અને યશ આપનારૂ નીવડે. આપ સૌ તને, મને અને ધને સુખી બનો એવી પ્રભુ પ્રાર્થના....
ચેલાભાઈ એલ. પટેલ – પ્રમુખશ્રી – ૯૪૨૬૩ ૩૩૫૧૫
ડાહ્યાભાઈ એચ. રાવલ – મંહામંત્રીશ્રી – ૯૯૭૮૭૭૨૦૧૩
કે. બી. વ્યાસ – પ્રમુખ (જિલ્લા પેન્શનર સમાજ) – ૯૮૨૫૦ ૩૩૦૭૪
કાળીદાસ મ. પટેલ – ઉપપ્રમુખ (જિલ્લા પેન્શનર સમાજ) – ૯૮૨૫૦ ૩૩૦૭૪
તથા તાલુકાના હોદ્દેદારો અને કારોબારી સભ્યશ્રીઓ તમામ

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ગાંધીનગર માટે
LED T.V., LCD T.V., Colour T.V.
રીપેરીંગ માટે ફોન કરો
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬
મો. ૯૪૨૬૨ ૭૦૪૮૧

ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ
શિવાલય ફાર્મ & પાર્ટી પ્લોટ
ક-૭ ચોકડી, વસંત વગડાની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર
● ૧,૨૫,૦૦૦ Sq.ft. Loan Area ● વિશાળ પાર્કીંગની સુવિધા, ● આકર્ષક એન્ટ્રી ગેટ
● અદ્યતન કીચન તથા વોશ એરિયા ● ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
● બાળકો માટે પ્લે એરિયા ● અલગ Groom અને Bridle રૂમ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે
બુકીંગ ચાલુ છે
● વાઘેલા ઘનશ્યામસિંહ એમ. - ૯૮૨૫૦ ૨૨૧૭૩
● વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com